PRO

-: સુધારા જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**ક્રમાંક: વિશેષ શાખા/એ સેકશન/બર્ડ ફ્લુ/ ૮ /૨૦૧૭**

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક : વિશેષ શાખા/એ સેક્શન/બર્ડ ફ્લુ/૪/૨૦૧૭, તા.૧૨/૦૧/૨૦૧૭.

(૨) નાયબ પશુપાલ નિયામશ્રી, જિલ્લા ના પત્ર ક્રમાંક જા.નં./ડીપી/પશપ/તાં/૩/વ/૨૫૩-૨૫૬/૨૦૧૭, તા. ૨૫/૦૧/૨૦૧૭.

આમુખ (૧) ના જાહેરનામાં અન્વયે આમુખ (૨) ના પત્રથી જણાવ્યા મુજબ અસરગ્રસ્ત વિસ્તારમાં સેનેટાઇઝેશનની કામગીરી સંપૂર્ણ થયેલ છે અને તે અંગે સેનેટાઇઝેશન સર્ટીફીકેટ ઇસ્યુ થયેલ હોઇ, જાહેરનામાં ક્રમાંક : વિશેષ શાખા/એ સેક્શન/બર્ડ ફ્લુ/૪/૨૦૧૭, તા.૧૨/૦૧/૨૦૧૭ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

અગાઉ અત્રેના તા.૧૨/૦૧/૨૦૧૭ ના જાહેરનામામાં કરેલ પ્રતિબંધની જોગવાઈ મુજબ એલર્ટ ઝોનમાં પક્ષીઓ, ઇંડા, મૃત પક્ષી/મરઘાં, મરઘાંનો અગાર જેવી વસ્તુઓના ઉપયોગ/વેચાણ/ખરીદી પર પ્રતિબંધ હતો. જે વિસ્તારને હવે સર્વિલન્સ ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી આ વિસ્તારમાં ઇંડા, પ્રોસેસ મરઘી/મરઘાંની વસ્તુઓનો ઉપયોગ/વેચાણ/ખરીદીની ફક્ત સર્વિલન્સ ઝોનની અંદર છુટ આપવામાં આવે છે અને જ્યાં સુધી સદર વિસ્તાર રોગ મુક્ત જાહેર ન થાય ત્યાં સુધી આવી વસ્તુઓ સર્વિલન્સ ઝોનની બહાર લઇ જવા ઉપરનો પ્રતિબંધ યથાવત રાખવામાં આવે છે. પરંતુ અત્રેના તા.૧૨/૦૧/૨૦૧૭ ના જાહેરનામામાં દર્શાવેલ અન્ય પ્રતિબંધિત કૃત્યો/જોગવાઇઓ યથાવત રાખવામાં આવે છે.

આ હુકમની તા.૨૭/૦૧/૨૦૧૭ થી બીજા ફરમાન થાય ત્યાં સુધી અમલવારી કરવાની રહેશે.

આજ તા.૨૭/૦૧/૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગર પાલિકા, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૨) કલેકટરશ્રી, અમદાવાદ.
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અ'વાદ શહેર.
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અ'વાદ શહેર.
(૫) વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ શહેર.
(૬) જિલ્લા વન સંરક્ષણ અધિકારીશ્રી, અમદાવાદ શહેર.
(૭) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૮) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૨) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૩) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૪) સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર.
(૧૫) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.